સુરતના ૧૪માં એડી.સીની.સીવીલ જજ અને એ.સી.જે.એમ સાહેબની કોર્ટ માં. .

**ખા. ફોજદારી કેસ નં– ૭૭૪૯/૨૦૧૫**

**આંક ૧ હેઠળ હુકમ**

હાલનુ કામ આરોપીને સમન્સ/વોરંટ બજાવાના સ્ટેજે ચાલી આવેલ છે, આરોપીનો સમન્સ/વોરંટ વગર બજે રેકર્ડ ઉપર પરત આવેલ છે, ત્યાર બાદ સદર કામે ફરીયાદી કે તેમના વકીલ શ્રી હાજર રહેતા નથી કે આરોપીને નવું સરનામું રજુ કરી બજવણી ના પ્રયત્ન કરતા નથી, આ સંજોગોમાં ફરીયાદ પક્ષ ને હાલના કેસ ચલાવવાની કામગીરીમાં રસ હોવાનું જણાતું નથી. આ કોર્ટ તેમજ અગાઉની કોર્ટે પણ અનેક તારીખો નાંખી ફરીયાદીને હાજર થવા માટે તકો આપેલ હોવા છતાં ફરીયાદી કે તમેના વિ. વકીલ શ્રી હાજર રહેતા નથી. આ કોર્ટમાં દરમુદ્દતે કેસ નિયમિત રીતે બોર્ડ ઉપર ચઢે છે. ડિસ્ટ્રીકટ કોર્ટનાં વેબ પોર્ટલ પર પણ નિયમિત પણે કેસની મુદ્દત અપડેટ થાય છે. આજરોજ પણ દિવસ દરમ્યાન સમયાંતરે પોકાર કરાવતા ફરીયાદી હાજર રહેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે ડેડવુડ કેસના નિકાલ સંદર્ભે ઝુંબેશ શરૂ કરેલ હોઈ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ભવાની ટેક્સટાઈલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ક્રિ. અપીલ નં ૨૪૦૫–૨૦૦૯ ના કામે તા. ૧૮–૦૧–૨૦૧૦ તથા નામદાર સર્વોચ્ચ અદાલતના એસ. રામ ક્રિષ્ના વિ. રામી રેડ્ડી ના ક્રિ. અપીલ નં ૭૫૫–૨૦૦૮ તા. ૨૯–૦૪–૨૦૦૮ ના ચુકાદાને લક્ષમાં લેતા, આ તમામ સંજોગોમાં સ્પીડી ટ્રાયલ નો સિધ્ધાંત જોતા તથા ફરીયાદીની સતત ગેરહાજરી ઉદાસીનતા, નિષ્કાળજી, બેદરકારી ગફતલ જોતા હાલની ફરીયાદ ક્રિ. પ્રો.કોડની કલમ ૨૫૬ મુજબ રદ કરવામાં આવે છે.

તા. ૧૩.૦૫.૨૦૨૩.

( એન.એમ. કડોલીયા )
૧૪માં એડી. સીની. સિવલ જજ અને
એ.સી.જે.એમ, સુરત.
જી.જે ૦૧૧૧૫